

## અરવલ્લી જિલ્લામાં શ્રી ઉમિયા માતાજી મંદિર ઉત્કર્ષ જ્યોતિરથ પરિભ્રમણનું ઉષ્માભેર સ્વાગત

કડવા પાટીદાર કુળદેવી રાજ રાજેશ્વરી શ્રી ઉમિયા માતાજી-ઊંઝાથી પ્રસ્થાન થયેલ શ્રી ઉમિયા માતાજી મંદિર-ઉત્કર્ષ જ્યોતિરથના પરિભ્રમણે નીકળેલ રથનું અરવલ્લી જીલ્લામાં પ્રવેશ થતા મોટી સંખ્યામાં પાટીદાર સમાજના લોકોએ રાજેન્દ્રનગર ચોકડી નજીક ભક્તિભાવ પૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી મોડાસીયા વીસ ગામ કડવા પાટીદાર સમાજ, મોડાસા અને ઉમિયા પરિવાર મોડાસાના હોદેદારો અને અબાલ વૃદ્ધ સૌ કોઈ શનિવારે અરવલ્લી જીલ્લામાં પ્રવેશ થતા ઉષ્માભેર વાજતે-ગાજતે સ્વાગત કરવામાં આવ્યું હતું. મોડાસાથી પાટીદાર સમાજના યુવાનોએ મોડાસા શહેરમાંથી બાઈક રેલી યોજી સ્વાગત માટે રાજેન્દ્રનગર ચોકડીથી મોડાસા પંથકમાં વાતાવરણમાં ભક્તિનો માહોલ સર્જાયો હતો. મોડાસા ચાર રસ્તા જ્યોતિ રથ પહોંચતા ભવ્યાતિભવ્ય સ્વાગત કરી પૂજા અર્ચના સાથે ઉમિયા માતાજીના દર્શનનો લાભ લીધો હતો. પાટીદાર સમાજના અગ્રણી દિલીપ પટેલના જણાવ્યાનુસાર ૬ દિવસ સુધી મોડાસા તાલુકાના પાટીદાર સમાજ સમુદાય ધરાવતા ગ્રામ્ય વિસ્તારોમાં જ્યોતિરથ પરિભ્રમણ કરશે અને રાત્રિ રોકાણ દરમિયાન ભજન-સંગીત અને રાસ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. મોડાસા શહેર ચાર રસ્તા ખાતે મોટી સંખ્યામાં પાટીદાર સમાજના અગ્રણીઓ, યુવાનો, મહિલાઓ અને બાળકો ઉપસ્થિત રહી મા ઉમિયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મોડાસા નાગરિક બેન્કના ચેરમેન કમલેશ પટેલ અને તેમની ટીમે ભક્તિભાવ પૂર્વક સ્વાગતવિધિમાં જોડાયા હતા. મોડાસા શહેરના વિવિધ માર્ગો પર શ્રી ઉમિયા માતાજી મંદિર-ઉત્કર્ષ જ્યોતિરથ પરિભ્રમણ કરતા માઈભક્તોએ દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

# હિંમતનગરમાં માલિકીની જમીન પર કરાયેલ દબાણ હટાવી લેવા હુકમ

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના ભરચક વિસ્તારમાં આવેલ સંઘરોડ પરની એક જમીન વર્ષોથી માલિકીની હોવાને કારણે તે ખુલ્લી પડી હતી જેમાં બે શખ્સોએ દુકાનો બનાવી દઈને ગેરકાયદે દબાણ કર્યુ હતુ. જેથી જમીનના માલિકે આ દબાણ દૂર કરવા માટે હાઈકોર્ટનો આશરો લીધો હતો જેમાં ન્યાયાધીશે આ જમીન પર કરાયેલ દબાણ દૂર કરવા માટે આદેશ કર્યા હોવા છતાં નગરપાલિકા દ્વારા સત્વરે કાર્યવાહી કરવામાં ઢીલાશ કરવામાં આવી રહી હોવાનો જમીનના માલિકે આક્ષેપ કર્યો છે.

આ અંગેની વિગત એવી છે કે સંઘરોડ પર લલિતાબેન ભોગીલાલ શાહની ખુલ્લી જમીનમાં પટેલ વિઠ્ઠલભાઈ નરપતભાઈ અને નરસિંહભાઈ વસરામભાઈ પટેલે નગરપાલિકાના કેટલાક કર્મચારીઓને હાથ પર રાખીને આ જમીનમાં ખોટા પ્લાન બનાવી દુકાનો બનાવવા માટે મંજૂરી લીધી હતી તો બીજી તરફ લલિતાબેન શાહે માલિકીની જમીનમાં કરાયેલ દબાણ દૂર કરવા માટે કોર્ટમાં રીટ દાખલ કરી હતી તથા નગરપાલિકામાં પણ વાંધા અરજી કરીને સત્વરે પોતાની માલિકીની જમીનમાં દબાણ કરવાનો પેતરો રચતા બે ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

બીજી તરફ આ કેસનો ચુકાદો આવી જતા નવ વર્ષ બાદ દબાણ કરનાર અને દુકાનદારોના ગેરકાયદે દબાણો દૂર કરી રોજકામ કરી ફોટા પાડી પિસ્તાળીસ દિવસમાં કોર્ટને જાણ કરવા માટે તાકીદ કરવામાં આવી છે તેમજ જરૂર પડે પોલીસ પ્રોટક્શન હેઠળ કાર્યવાહી કરવા જણાવાયું છે. દરમિયાન આ કેસના અરજદાર અફઆની દુનિયા છોડીને અનંતયાત્રાએ જતા રહ્યા છે ત્યારે તેમના વારસદારો આજે તો નગરપાલિકામાં ધક્કા ખાઈને અધિકારીઓના ઠાલા વચનો સાંભળીને પાછા આવે છે જેના કારણે હિંમતનગરમાં એવી છાપ ઉપસી રહી છે કે જો તમે વગદાર અને પૈસાદાર હોય તો નગરપાલિકાના અધિકારીઓ અને સદસ્યોને હાથ પર રાખીને ગમે તેવુ કામ કરાવી શકાય.



હિન્દૂ યુવા વાહીની દ્વારા શહીદ દિન નિમિતે શહીદ ભગતસિંહ, રાજગુરુ, સુખદેવને યાદ કરી તેઓને પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, તેમજ યુવા અધ્યક્ષ હર્ષ પંડયા દ્વારા શહીદોના જીવન પ્રસંગોને સ્મરણ કરી યુવાઓને રાષ્ટ્રહિત માટે આગળ વધવા માટેની અપીલ કરવામાં આવી હતી. જે પ્રસંગે પ્રભારી સુરપાલસિંહ રાઠોડ, યુવા અગ્રણી નરેશ પટેલ, પ્રદિપસિંહ, રાજન પ્રણામી, મનુભાઈ, સચિન કડિયા તેમજ અન્ય નવયુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## રામનવમીએ નવા વક્તાપુર આશ્રમે રામ જન્મોત્સવ નિમિત્તે સત્સંગ યોજાશે

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લામાં શામળાજી વિસ્તારના સુનોખ નજીક નવા વક્તાપુર આશ્રમે પૂ. લાલજી મહારાજના સાન્નિધ્યે શ્રી રામજન્મોત્સવ દર વર્ષની જેમ આ વર્ષે પણ ધામધૂમથી ઉજવાશે.

૨૫મી માર્ચ, રવિવારે નવા વક્તાપુરમાં ઉજવાનાર આ શુભ પ્રસંગ માટેની સઘળી તૈયારીઓ પણ આરંભાઈ ગઈ છે. જિલ્લામાં અને બહારથી પણ ભક્તોનો મોટો સમૂહ આ અવસરે ઉમટી પડશે.

કાર્યક્રમની રૂપરેખા મુજબ રવિવારે સાંજે ૪ કલાકે સંતોનું આગમન થશે અને સાંજે ૫ કલાકથી પ્રસાદ, ૭.૩૦ થી ૮.૩૦ ભજન આરાધના, રાતે ૮.૩૦ કલાકે બાપુ અભેસિંહજી રાવ, પૂજ્ય સંત હીરાદાદાં, (ઈસરોલ) અને જય માડી અતુલગીરી મહારાજ (લંઘાના મઠ)ના વરદ હસ્તે દીપ પ્રાગટય થશે. રાતે નવ વાગે ભગવાન રામની આરતી થશે. રાતે ૧૦.૩૦ થી ૨ વાગ્યા સુધી લાલજી મહારાજની અમૃતવાણીનો કાર્યક્રમ પણ રાખેલ છે. સ્થાનિક તેમજ બહાર ગામમાંથી આવનાર ભક્ત સમુદાયની સેવા માટે વિવિધ ગામોના સેવધારી ભાઈઓ સ્વયંભૂ સેવા માટે તત્પર રહેશે.

# શામળાજીના અણસોલ ગામ નજીક ટ્રક-ટ્રેલરે બાઈકને અડફેટે લેતા માતા-પુત્રનું ઘટના સ્થળે મોત





શામળાજી, તા. ૨૪

અરવલ્લી જીલ્લાના શામળાજી નજીક અમદવાદ-રતનપુર હાઈવે.નં-૮ પર આવેલા અણસોલ ગામની સીમમાંથી પસાર થતા બાઈકને પાછળથી ધડાકાભેર ટક્કર મારતા અને બાઈકને રોંગ સાઈડ સુધી ઘસડીતા બાઈક સવાર યુવાન પુત્ર અને માતાનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતા અકસ્માતની ઘટનાને પગલે દોડી આવેલી શામળાજી પોલીસે બંને મૃતકોની મૃતદેહનો કબ્જો મેળવી પીએમ માટે શામળાજી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માત સર્જી ટ્રક-કન્ટેનરનો ચાલક ટ્રક ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

શામળાજી નજીક આવેલા અણસોલ ગામ નજીક શુક્રવારે બપોરનુ સુમારે ટ્રક-કન્ટેનર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત થતા બાઈક સવાર પુત્ર-માતાનું ઘટનાસ્થળે




પ્રાણપંખેરું ઉડી ગયું હતું. રાજસ્થાનના વીંછીવાડા તાલુકાના ઝાંપા ગામના અરવિંદભાઈ કાનાભાઈ ડામોર અને તેમની માતા વરજુબેન કાનાભાઇ ડામોર બાઈક (ગાડી.નં-આરજે.૧૨. એસજી.૪૯૯૪) પર તેમના મામાના ઘરે સામાજિક કામકાજ અર્થે જઈ પરત ફરતા અણસોલ ગામની સીમમાંથી પસાર થતા પાછળથી આવતા ટ્રક-કન્ટેનર (ગાડી.નં.-આરજે.૨૭. જીએ.૭૨૧૯)ના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારીને અડફેટે લઈ બાઈકને રોંગ સાઈડ પર ઘસડી જતા બાઈક સવાર પુત્ર-માતા રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. અકસ્માતની ઘટનાની જાણ શામળાજી પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે ઘસી જઈ બંને મૃતકોની પીએમ માટે ખસેડી અકસ્માતના પગલે સર્જાયેલ ટ્રાફિક પૂર્વરત કરી મૃતક બાઈકચાલકના પુત્ર રાકેશભાઈ અરવિંદભાઈ ડામોર (રહે. ઝાંપા)ની ફરિયાદના આધારે અકસ્માત સર્જી ફરાર ટ્રક-કન્ટેનર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ધરપકડ કરવા ચક્રોગતિમાન કર્યા હતા.

# દેરોલની સીમમાં વાહનમાંથી રસ્તા પર માટી ખાલી કરાવી અવરોધ ઉભો કરાતા સાત વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગર તાલુકાના દેરોલ ગામની સીમમાંથી મંગળવારે પસાર થઈ રહેલ એક વાહનમાં ભરેલી માટી ગમેતે કારણસર રસ્તા પર ખાલી કરાવી દઈ અવરોધ કરી સાત જણાએ ઝઘડો કરી રૂ. ૨૫ લાખની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી છે.

આ અંગે હિંમતનગરના બ્રહ્માણીનગરમાં રહેતા યશપાલસિંહ લક્ષ્મણસિંહ ઝાલાએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ મંગળવારે તેઓ હાઈવામાં માટી ભરીને દેરોલની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ભગીરથસિંહ દિનુસિંહ ઝાલા, વાસુસિંહ માધુસિંહ ઝાલા, દિનેશભાઈ શંકરભાઈ મકવાણા, ચંદનકુમાર દિનેશભાઈ મકવાણા, કિર્તિસિંહ બાલુસિંહ ચૌહાણ, મુળસિંહ ચેહરસિંહ દઢીયા અને ધૂળસિંહ ગઢીયા તમામ રહે. દેરોલે ગેરકાયદે મંડળી રચી રસ્તા પર ઉભા રહી હાઈવામાંથી માટી ખાલી કરાવી દઈ અવરોધ ઉભો કર્યો હતો.

ત્યારબાદ આ સાતેય શખ્સોએ યશપાલસિંહ ઝાલા પાસે રૂ. ૨૫ લાખની માંગણી કરી માર મારી વાહનને નુકશાન કરી આ રસ્તે થઈને નિકળવા દઈશુ નહી તેવી ધમકી આપી હતી. તથા આ સાતેય જણાએ યશપાલસિંહને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી યશપાલસિંહે સાતેય જણા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# હિંમતનગરમાં કિન્નરના ઘરમાં આગ લગાડાતા ત્રણ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ એક પવૈયાના ઘરમાં બે વર્ષ અગાઉ ગમે તે કારણસર એક પવૈયા તથા અન્ય બે જણાએ બે વખત આગ લગાડીને ઘરને નુકશાન પહોંચાડ્યુ હતુ જે અંગે મંગળવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ઘરના માલિક અને હાલ સાબરમતી જેલમાં કાચા કામના કેદી તરીકે સજા ભોગવી રહેલા કિન્નરે (પવૈયા) ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે ચાંદનીદે ચંદ્રીકાદે પવૈયા ઉર્ફે રાકેશકુમાર ચંદ્રકાન્ત શાહ કે જેઓ હાલ હત્યાના એક ગુનામાં સંડોવાયેલા હોવાથી હાલ તેઓ સાબરમતી જેલમાં કાચાકામના કેદી તરીકે સજા ભોગવી રહ્યા છે. દરમિયાન ગત તા. ૧૮-૧૦-૨૦૧૫ અને ૧૬-૩-૨૦૧૬ અગાઉ કોઈપણ સમયે ગમે તે કારણસર તેમના મોતીપુરા વિસ્તારમાં આવેલ બંધ ઘરમાં ભીખીદે મધુદે પવૈયા રહે. સલાલ, હઠીસિંહ ધૂળસિંહ ચૌહાણ તથા કાળુસિંહ ધૂળસિંહ ચૌહાણે ઘરમાં આગ લગાડી હોવાનો શક વ્યક્ત કરવામાં આવ્યો હતો જેથી ચાંદનીદેએ ત્રણેય જણા વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# નેશનલ મેડિકલ કમિશનના વિરોધમાં હિંમતાનગરમાં સભા યોજાઈ

### મુંબઈથી દિલ્હી જતા ત્રણ સાયકલવીરોનું સન્માન કરાયું

હિંમતનગર, તા. ૨૪

કેન્દ્ર સરકાર દ્વારા મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાને નાબુદ કરીને તેને બદલે નેશનલ મેડિકલ કમિશનની રચના કરવાની હિલચાલ કરાઈ રહી છે ત્યારે દેશભરના તબિબોમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. જેના ભાગરૂપે કમિશનનો વિરોધ કરવાના આશયથી થોડા સમય અગાઉ મુંબઈથી દિલ્હીસુધીના સાયકલ પ્રવાસે નીકળેલા ત્રણ તબિબિ વિદ્યાર્થીઓ બુધવારે હિંમતનગર આવી પહોંચતા મેડીકલ કોલેજ ખાતે તેમનું સન્માન કરી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંગે ડૉ. ભુપેન્દ્ર શાહ અને કૌશીક શાહના જણાવાયા મુજબ કેન્દ્ર સરકાર દ્વારા મેડીકલ કમિશનની રચના કરવાની જે હિલચાલ ચાલી રહી છે તેના કારણે ભવિષ્યમાં ગરીબ દર્દીઓને સારવાર ખુબજ મોંઘી મળશે તથા મેડીકલનો અભ્યાસ પણ ખુબજ ખર્ચાળ બની જશે. કેન્દ્ર સરકારના મેડીકલ કમિશન બનાવવાના પ્રયાસને કારણે કોર્પોરેટ હોસ્પિટલોને ફાયદો થશે જેથી તેનો વિરોધ કરવા માટે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ગુજરાત એકમ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે તથા આગામી તા. ૨૫ માર્ચના રોજ દેશભરના તબિબો દિલ્હી કૂચ કરીનો પ્રધાનમંત્રીનો આવેદનપત્ર આપી મેડીકલ કમિશનની રચનાનો વિરોધ કરશે.

# અમરનાથ શ્રદ્ધાળુઓને પુરતી સુરક્ષા અપાશે : પ્રદિપસિંહ

### અમરનાથ યાત્રા અંગેનો પરિપત્ર રદ્દ કરવા નિર્ણય

અમદાવાદ,તા. ૨૪

ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, ગુજરાતના સરકારના વાહન વ્યવહાર વિભાગ દ્વારા ૧૬ માર્ચ ૨૦૧૮એ અમરનાથ યાત્રા સંદર્ભમાં કરાયેલો પરિપત્ર રાજ્ય સરકારે રદ કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે આ પરિપત્રના અર્થઘટનને લઈને જે રાજકીય નિવેદનો પ્રતિપક્ષ દ્વારા કરવામાં આવ્યા છે તે અંગે કહ્યું છે કે, કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકાર અને ગુજરાત સરકાર અમરનાથ યાત્રિકોની સુરક્ષા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. ગૃહ રાજ્યમંત્રી એમ પણ જણાવ્યું છે કે, ગુજરાતમાંથી અમરનાથ યાત્રાએ જનારા સૌ યાત્રિકો ને સરકાર સુરક્ષા સલામતી આપશે. બુલટપ્રુફ સુરક્ષા આપવાના સંદર્ભમાં હાલમાં વાત કરવામાં આવી હતી. ગયા વર્ષે અમરનાથમાં ગુજરાતના શ્રદ્ધાળુઓને લઈને જતી એક બસ ઉપર આંતકવાદીઓએ હુમલો કર્યો હતો. જેમાં મોટી ખુવારી થઈ હતી. આમા ઘણા શ્રદ્ધાળુઓના મોત થઈ ગયા હતા. ગયા વર્ષે કરાયેલા હુમલાના અનુસંધાનમાં રાજ્ય સરકારે ખાનગી ટુર ઓપરેટરો માટે નવા માર્ગદર્શિકા જારી કરી હતી. જેના ભાગરૂપે કેટલાક નિયમો પાળવાની વાત કરી હતી. જોકે આ સંદર્ભમાં સરકારે પરિપત્ર રદ કરવાની જાહેરાત કરી હતી. અગાઉ એમ કહેવામાં આવી રહ્યું હતું કે, તેમના પોતાના બુલેટપ્રુફ જેકેટ ખરીદવા કહેવામાં આવ્યું હતું. અમરનાથ શ્રદ્ધાળુઓને લઈને આ અંગેના આદેશો જારી કરવામાં આવી રહ્યા હતા. આને લઈને અમરનાથ શ્રદ્ધાળુઓમાં પણ ચર્ચા ચાલી રહી હતી. સરકારના વાહન વ્યવહાર વિભાગે હવે ૧૬મી માર્ચના અમરનાથ યાત્રાના સંદર્ભમાં પરિપત્રને રદ કરી દેવામાં આવ્યો છે. અગાઉના પરિપત્રમાં શ્રદ્ધાળુઓને બુલેટપ્રુફ જેકેટ પહેરવા કહેવામાં આવ્યું હતું આના કારણે વિવાદ થયો હતો. વિવાદ થયા બાદ આખરે પરિપત્ર રદ કરાયો છે.

# સુરતમાં ગરમીનો પારો ૩૯ પાર કરી ગયો

અમદાવાદ,તા. ૨૪

અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં તબક્કાવાર રીતે વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આજે રાજ્યના અનેક ભાગોમાં પારો ૩૯થી પણ ઉપર પહોંચી ગયો હતો. સૌથી વધુ ગરમીનો અનુભવ સુરતમાં થયો હતો. જ્યાં પારો ૩૯.૪ સૌથી પહોંચી ગયો હતો. રાજ્યના અનેક ભાગોમાં પારો ૩૮થી ઉપર રહ્યો હતો. જે વિસ્તારોમાં આજે પારો ૩૮થી ઉપર રહ્યો હતો તેમાં ડીસા, વડોદરા, અમરેલી, સુરેન્દ્રનગર, ભૂજ, કંડલા પોર્ટ અને કંડલા એરપોર્ટના સમાવેશ થાય છે. ગરમીના પ્રમાણમાં એકાએક વધારો થતા લોકોની મુશ્કેલી પણ હવે વધી રહી છે. રાજ્યના કેટલાક ભાગોમાં પારો ૩૮થી ઉપર રહ્યો હતો જેમાં કંડલા એરપોર્ટમાં ૩૮, અમરેલીમાં ૩૮, સુરતમાં ૩૯.૪ અને મહુવામાં ૩૮.૪ ડિગ્રી સુધી પારો રહ્યો હતો. અમદાવાદ સહિત રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. એકબાજુ પાણીની તકલીફ પહેલાથી જ અનુભવાઈ રહી છે ત્યારે આ વખતે ગરમી વધુ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદ શહેરમાં આવતીકાલે રવિવારના દિવસે ગરમીનું પ્રમાણ વધી શકે છે અને પારો ૩૭થી ઉપર રહી શકે છે. તમામ જગ્યાઓ ઉપર હવે પંખા અને એસીનો ઉપયોગ થવા લાગી ગયો છે. હાલમાં નિચલી સપાટી પર ઉત્તર-પશ્ચિમી પવનો ફુકાઈ રહ્યા છે. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ તીવ્ર ગરમીનો અનુભવ થવાની શક્યતા જાણકાર લોકો વ્યક્ત કરી રહ્યા છે. બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આજે અમદાવાદમાં પારો ૩૭.૪ ડિગ્રી સુધી પહોંચ્યો હતો.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ